## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું બેકાર આઈ.ટી. નિષ્ણાત છું... તારી ફેસબુક પ્રોફાઈલ બનાવી દઉં... જે કમાણી થાય તેમાં અડધો ભાગ... બોલ મંજુર છે...???

# ઈતર પ્રવૃત્તિઓની ફી ના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ સમક્ષ રજૂઆત કરાશે

### શાળાઓમાં ઇતર પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ન હોવી જોઇએ : નવી દિલ્હી ખાતે ફી નિયમન મુદ્દે એટર્ની જનરલ સાથે શિક્ષણમંત્રીએ બેઠકો યોજી

ગાંધીનગર, તા. ૬

રાજયની સ્વનિર્ભર શાળાઓમાંથી જે શાળાઓએ ફી નિયમન માટે સંબંધિત ફી નિયમન સમિતિ (એફ.આર.સી.) સમક્ષ હજી સુધી પોતાની શાળાના ફી નિયમન અંગેની દરખાસ્ત નથી કરી તેવી શાળાઓ અંગે આગામી સુનાવણી પહેલાં નામદાર સુપ્રિમ કોર્ટનું ધ્યાન દોરવામાં આવશે તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

નામદાર સુપ્રિમ કોર્ટમાં ફી નિયમન અંગે ચાલી રહેલા કેસની સુનાવણી થનાર છે ત્યારે આ સુનાવણીના સંદર્ભમાં રાજયની સ્વનિર્ભર શાળાઓના સંચાલકો અને વાલીમંડળના પ્રતિનિધિઓ સાથે શિક્ષણ વિભાગે નામદાર સુપ્રિમ કોર્ટના વચગાળાના આદેશ મુજબ ઈતર પ્રવૃત્તિની ફી અંગે તેમની રજૂઆતો સાંભળવા અને સર્વસંમત ફોર્મ્યુલા નક્કી કરવા બેઠક કરી હતી. તે બેઠકના અનુસંધાને ચર્ચાયેલા મુદ્દાઓથી નામદાર સુપ્રિમ કોર્ટને માહિતગાર કરવા આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ એટર્ની જનરલ વેણુગોપાલ, સિનિયર એડવોકેટ સુંદરમ તથા એડીશનલ સોલિસીટર જનરલ તુષાર મહેતા સાથે નવી દિલ્હી ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં શિક્ષણમંત્રીએ ખાસ કરીને શાળાઓ દ્વારા લેવાતી ઈતર પ્રવૃત્તિઓ અંગેની ફી અંગે ઉપરોક્ત મહાનુભાવોનું ધ્યાન દોરી વાલીઓ વતી રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ઈતર પ્રવૃત્તિ કોઈપણ વાલી કે વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ન હોવી જોઈએ અર્થાત વાલી કે વિદ્યાર્થી ઈચ્છે તો જ ઈતર પ્રવૃત્તિની પસંદગી કરે અને પસંદગી કરે તો જ ફી લેવામાં આવે અને તે ફીનું પણ ફી નિયમન સમિતિ (એફ.આર.સી.) વાજબીપણું નક્કી કરે તેવી નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવે. એટર્ની જનરલ સાથે શિક્ષણમંત્રીએ શાળાઓ ફી સંબંધે કેટલા ટકા સરપ્લસ ફંડ રાખી શકે તે બાબતે પણ એટર્ની જનરલ અને એડીશનલ સોલિસીટર જનરલ સાથે ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ શાળા સંચાલકો અને વાલી મંડળના પ્રતિનિધીઓ સાથે ઈતર પ્રવૃત્તિઓની ફી સંબંધે તેઓની રજૂઆતો સાંભળવા બેઠક યોજી હતી. આ બેઠકોમાં ચર્ચાયેલા મુદ્દાઓના તમામ પાસાઓથી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એટર્ની જનરલ વેણુગોપાલ, સિનિયર એડવોકેટ સુંદરમ તથા એડીશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાને માહિતગાર કર્યા હતા.



## ડો. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૮મી જન્મજયંતિએ આદરાંજલિ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૮મી જન્મજયંતિએ ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી. વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્યો તથા પદાધિકારીઓએ પણ ડૉ. મુખરજીને આદરાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતાં ડૉ. મુખરજીએ કાશ્મીર માટે આપેલું બલિદાન આજે પણ સૌને પ્રેરણા આપતું રહ્યું છે.

# દુધ વાપરનારાઓની મંડળીના સભ્યોએ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર દુધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની વ્યવસ્તાપક કમીટીના સભ્યોએ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વૃધ્ધાશ્રમના વડીલો સાથે વાતચીત કરીને આખો દિવસ વાતચીત કરીને પસાર કર્યો હતો. જયારે દુધ વાપરનારાઓની મંડળી દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલો માટે જરુરીયાત મુજબ અનુદાન આપ્યું હતું.

રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે ૪૫ જેટલા વડીલોને આશ્રય આપવામાં આવે છે. જેમાં મંદબુધ્ધી-બીનવારસી, ઘર-કુટુંબથી તરછોડાયેલા વૃધ્ધ સ્ત્રી-પુરુષોનો સમાવેશ થાય છે. સામાજીક સંસ્થાઓ અને સેવાભાવી તેમજ પરોપકારી વ્યકિતઓના અનુદાન ઉપર આધારીત આ વૃધ્ધાશ્રમનો ખુબ જ સુચારુ વહીવટી ચાલે છે. આશ્રમમાં આશ્રીત વ્યકિતઓ પૈકી ઘણા બધા માટે ડ્રાયપર વાપરવા ફરજીયાત બને છે. આ વડીલોની સેવા-સારવાર સાચવણીની ખુબ જ કપરી કામગીરી વહીવટીકર્તાઓ કરી રહ્યા છે અને માનવતાની મહેંક પ્રસરાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર દુધ વાપરનારાઓની સહકારી મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યોએ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત તાજેતરમાં લીધી હતી. અને વૃધ્ધાશ્રમની જરુરીયાત મુજબ ૬૦ નંગ ચાદરો, ૨૦ નંગ ખુરશીઓ, અને ૧૦૦ ફુટ તાડપત્રી પુરી પાડી હતી.આ પ્રસંગે રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલો તેમજ કમીટીના સભ્યો હાજર રહ્યા હતા.



# નવા ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાય તમામ કામ માટે એપોઈન્ટમેન્ટ પ્રથા રદ થશે

આરટીઓમાં હવેથી નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવા સિવાયની તમામ કામગીરી માટે અરજદારે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી પડશે નહીં. માત્ર એક ઓનલાઈન અરજીના આધારે આરટીઓમાં નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાયનાં તમામ કાર્ય એક જ દિવસમાં કરાવી શકાશે.

ડુપ્લિકેટ લાઈસન્સ કે લાઈસન્સમાં સુધારા-વધારા, લાઈસન્સ રિન્યૂઅલ આ તમામ પ્રકારનાં કામ માટે અરજદારોને ૬૦ થી ૯૦ દિવસની રાહ જોવામાંથી મુક્તિ મળશે. એકમાત્ર ઓનલાઈન અરજીના આધારે અને વહેલા તે પહેલાના ધોરણે તેનું નવા ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાયનું કામ આરટીઓમાં રૂબરૂ જવાથી થઈ જશે. હવે માત્ર નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ માટે જ આરટીઓમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવાની થશે.

# સ્વભંડોળની ગ્રાન્ટમાંથી બાંકડા માટે રકમ નહિ ફાળવવાનો નિર્ણય અન્યાયી : બેચરજી ઠાકોર

ગાંધીનગર, તા. ૬

જિલ્લા પંચાયતના સદસ્યોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી આંકડા નહિ મુકવા દેવાના નિર્ણય સામે સભ્યોમાં રોષની લાગણી જન્મી છે.

કુડાસણ બેઠક પર ચૂંટાઈને આવેલા કોંગ્રેસના બેચરજી ઠાકોરે આ અંગે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે ૧૪મા નાણાં પંચ કે રેતી કાંકરીની ગ્રાન્ટમાં સરકાર નિયમો ચલાવે તે બરાબર છે પણ સ્વભંડોળની ગ્રાન્ટમાં પણ ચંચુપાત કરવામાં આવે તે બરાબર નથી.

ધારાસભ્યો કે મનપાના કાઉન્સીલરોને બાંકડા મુકવા માટેની છુટ અપાય છે તો પંચાયતના સભ્યોને આનાથી કેમ દૂર રાખવામાં આવે છે તે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ નથી.

શ્રી ઠાકોરે જણાવ્યુ છે કે વિસ્તારમાં કયા પ્રકારના કામો સભ્યોએ સ્વભંડોળમાંથી કરવા તેના પર પ્રતિબંધ મુકવાની વાત એ પંચાયતી રાજ વ્યવસ્થાને ગળે ટુંપો દેવા જેવી છે. આ બાબતે સરકારે પુનઃ વિચારણા કરવી જોઈએ.

શહેરી વિસ્તારની નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની ગતિ વેગીલી છે તેવા સંજોગોમાં સેમી અર્બન વિલેજ ગણાતા ગ્રામ્ય વિસ્તારમાં બાંકડા એ આવશ્યક બાબત છે અને તેનાથી તમામ જનતાને લાભ થવાનો છે.


# ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા ૮૦ લાખનો ડિવિડન્ડ ચેક અર્પણ

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાજ્ય સરકારના સાહસ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા ૨૦૧૫-૧૬ના વર્ષના ડિવીડન્ડ પેટે રાજય સરકારના ફાળાનો રૂ. ૮૦ લાખ ૮૨ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

રાજયના કૃષિ કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ સંજયપ્રસાદ અને કોર્પોરેશનના મેનેજિંગ ડિરેકટર મહમદ શાહીદે ગાંધીનગરમાં મુખ્યમંત્રીને આ ચેક અર્પણ કર્યો હતો. આ કોર્પોરેશનની શેરમૂડી ૮ કરોડ ૮ લાખ રૂપિયાની છે તેની ૧૦ ટકા ડિવીડન્ડ પેટે ગુજરાત સરકારને આ ડિવીડન્ડ ચેક અર્પણ કરાયો હતો.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશને રાજયના ધરતીપુત્રોને ખાતરની અછતના સમયે પણ સરળતાએ યુરિયા અને ડી.એ.પી. ખાતર ઉપલબ્ધ કરાવવા આ વર્ષે રૂ. ૮૫ કરોડની કિંમતે ૯૦ હજાર મેટ્રિક ટન ખાતર ખરીદીને સ્ટોરેજ કર્યુ છે.




એટલું જ નહિ, દૂર-દરાજ અંતિરયાળ વિસ્તારો સહિત રાજ્યમાં ૧૦૦૦ જેટલા એગ્રો બિઝનેસ સેન્ટર્સના માધ્યમથી આ કોર્પોરેશન ખેડૂતોને ગુણવત્તાયુકત ખાતર અને જંતુનાશક દવાઓ વાજબી ભાવે પૂરૂં પાડે છે.

ગુજરાતના નાગરિકો સમાજવર્ગોને કાર્બાઇડ ફ્રી કેસર કેરી ઉપલબ્ધ થાય તે હેતુથી એક નવિન અભિગમ રૂપે એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન 'કેસર મેંગો ફેસ્ટીવલ'નું સફળતાપૂર્વક આયોજન કરે છે. આ વર્ષે અંદાજે રૂ. ૮ કરોડની ૧૦૦૦ મેટ્રિક ટન કાર્બાઇડ ફ્રી કેસર કેરી તથા ગત વર્ષ આવી ૭૫૦ મેટ્રિક ટન કેસર કેરીનું નિગમ દ્વારા ગુજરાતમાં વેચાણ થયું છે.

# રાજદ્રોહ કેસમાં હાર્દિકને ૨૧મી સુધીની મહેતલ

અમદાવાદ,તા. ૬

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન ઉશ્કેરણીજનક ભાષણો કરી રાજયમાં હિંસા, તોડફોડ અને કોમી વૈમનસ્ય ફેલાવવાના ચકચારભર્યા રાજદ્રોહના કેસની મુદતમાં સતત ગેરહાજર રહેતા પાસના કન્વીનર હાર્દિક પટેલને ગત મુદતે કોર્ટે લગાવેલી ફટકાર બાદ આજે હાર્દિક પટેલ અને ચિરાગ પટેલે બંને કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહ્યા હતા.



હાર્દિક પટેલના વકીલ તરફથી રાજદ્રોહ કેસમાં ચાર્જફ્રેમ કરવાના તબક્કામાં વધુ એક મહિનાની મુદત માંગતા કોર્ટને વિનંતી કરાઈ હતી કે, આ કેસમાં તેમની નામંજૂર થયેલી ડિસ્ચાર્જ અરજી સામે તેમણે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ સમક્ષ અરજીઓ કરેલી છે, તેથી ત્યાંથી કોઈ હુકમ કે રાહત આવે ત્યાં સુધી ચાર્જફ્રેમ કરવામાં ના આવે. જો કે, એડિશનલ સેશન્સ જજ ડી.પી.મહિડાએ આરોપીઓને તા.૨૧મી જૂલાઈનું અલ્ટિમેટમ આપતાં સાફ શબ્દોમાં સુણાવી દીધું હતું કે, તા.૨૧ જૂલાઈ સુધીમાં હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટમાંથી તમારે જે રાહત જોઈએ તે મેળવવાની ત્યાં સુધીની મહેતલ આપવામાં આવે છે અને ત્યારબાદ કોર્ટ ખૂબ જ મહત્વના અને સંવેદનશીલ એવા રાજદ્રોહના આ કેસમાં તેઓની વિરૂદ્ધ ચાર્જફ્રેમ કરશે.

# બાવળિયા બાદ કોંગ્રેસના વિક્રમ માડમ પણ નારાજ

### ભાજપનો કેસરિયો ખેસ ક્યારે પણ નહી પહેરવાની ખુલ્લી જાહેરાત : આગામી દિવસોમાં રાહુલને મળવાના સંકેતો

અમદાવાદ,તા. ૬

કોંગ્રેસના પીઢ નેતા કુંવરજી બાવળિયા બાદ પ્રદેશ કોંગ્રેસના નેતાઓથી નારાજગી અનુભવતા ખંભાળિયાના કોંગી ધારાસભ્ય અને પૂર્વ સાંસદ વિક્રમ માડમ દ્વારા આગામી સમયમાં નવા જુની કરવાની ઉઠેલી ચર્ચાઓના પગલે કોંગ્રેસમાં ફરી એકવાર કમઠાણ મંડાયું છે. બીજીબાજુ, નારાજ વિક્રમ માડમે પક્ષના મોવડીમંડળ દ્વારા તેમના પ્રશ્નોનું સંતોષજનક નિરાકરણ લાવી દેવાશે તેવી આશા વ્યકત કરી હતી. જો કોંગ્રેસ તરફથી તમારા પ્રશ્નોનું નિરાકરણ ના થાય અને બાવળિયાની જેમ પક્ષ છોડવાનો વારો આવે તો શું તમે પણ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરશો તેવા પ્રશ્નના જવાબમાં વિક્રમ માડમે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, જીવનમાં કયારેય હું ભાજપમાં જોડાઈશ નહી કે ભાજપનો કેસરિયો ખેસ કયારેય ધારણ કરીશ નહી. તેમણે આગામી દિવસોમાં તેમના પ્રશ્નો અને સમસ્યાના મામલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને



મળવાની પણ આશા વ્યકત કરી હતી. છેલ્લા કેટલાક સમયથી અન્ય કેટલાક નેતાઓની માફક કોંગ્રેસના ખંભાળિયા વિસ્તારના ધારાસભ્ય અને જામનગર લોકસભા બેઠકના પૂર્વ સાંસદ તરીકે બે ટર્મ રહી ચુકેલા સિનિયર નેતા વિક્રમ માડમ પ્રદેશ પ્રમુખ અને તેની કિચન કેબીનેટથી નારાજ હોવાનું સ્પષ્ટ છે ત્યારે અને તાજેતરમાં જ રાજકોટના પૂર્વ સાંસદ અને કોંગી ધારાસભ્ય કુંવરજી બાવળીયા કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયાની ઘટના બાદ વિક્રમ માડમ પણ અસંતોષ અને અન્યાયની લાગણી ધરાવતા હોય કંઈક નવા જુની કરવાની તૈયારીમાં કે વિચારણામાં હોવાની જોરદાર ચર્ચા ઉઠી છે.

વિક્રમ માડમની નારાજગીને લઈ કોંગ્રેસની છાવણીમાં કોંગ્રેસની એકતા અને સંગઠનને જોડી રાખવાનો પડકાર ઉભો થયો છે તો, બીજીબાજુ, ભાજપ કોંગ્રેસના આંતરિક જૂથવાદ અને આક્રોશનો ફાયદો ઉઠાવી તેના નેતાઓને તોડવાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત બન્યું છે. જામનગર જિલ્લાના એક કોંગ્રેસી કાર્યકરે વિક્રમ માડમ સાથે કરેલી વાતચીતની ઓડીયો કલીપ ગઈકાલથી વાયરલ થઈ રહી છે.

# સરકારી સ્કૂલોમાં મહિલા શિક્ષકો પંજાબી ડ્રેસ પહેરી શકશે

ગાંધીનગર,તા.૬

મહિલા શિક્ષકોએ કેવા કપડાં પહેરવા તેનો નિર્ણય અલગ અલગ શૈક્ષણિક સંસ્થાઓ કરતી હોય છે પરંતુ સરકારે જાહેર કર્યું છે કે સરકારી સ્કૂલોમાં મહિલાઓ સાડી ઉપરાંત પંજાબી ડ્રેસ પહેરી શકશે. રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં એવી કેટલીક ખાનગી સ્કૂલો છે કે જ્યાં મહિલા શિક્ષકો સાડી, પંજાબી ઉપરાંત જીન્સ-ટીશર્ટમાં બાળકોને ભણાવવા આવતી હોય છે પરંતુ સરકારના આદેશ પછી ટૂંકા વસ્ત્રો નહીં પહેરવાની સૂચના આપવામાં આવેલી છે. સરકારી સ્કૂલોમાં મહિલા શિક્ષકો માટે સાડી ફરજિયાત છે. બાળકોને ભણાવતી વખતે સ્કૂલમાં સાડી પહેરવાનો રિવાજ છે પરંતુ હવે સરકારે નિર્ણય કર્યો છે કે સાડી ઉપરાંત મહિલાઓ પંજાબી ડ્રેસ પહેરી શકશે. અધિકારીઓ તેમજ પદાધિકારીઓ તરફથી થતી હેરાનગતિ બંધ કરવાની પણ સરકારે સૂચના આપી છે.

બાળકોને ભણાવતી વખતે શિક્ષકની વર્તણૂક તેમજ તેમનો પહેરવેશ મહત્ત્વનો સાબિત થતો હોય છે. બાળકો તેમની સ્કૂલમાં શિક્ષકને માનથી જોતા હોય છે. જો શિક્ષક સારા વસ્ત્રો પહેરીને આવે તો તેનું માન-પાન જળવાઈ રહે છે તેથી સરકારે મહિલાઓ માટે સાડી નિયત કરી હતી પરંતુ હવે તેમાં છૂટછાટ આપીને પંજાબી ડ્રેસ પણ પહેરી શકશે તેવો આદેશ કર્યો છે અને તેનું પાલન કરવાની સૂચના આપી છે.

# બિટકોઈન કેસમાં પી.આઈ. અનંત પટેલને જામીન આપવા ઈન્કાર

### આરોપીના ગુનાઓની ગંભીરતા અને કેસના પુરાવા જોતાં અરજદારની આ કેસમાં પ્રથમદર્શનીય સંડોવણી છેઃ કોર્ટ

અમદાવાદ, તા.૬

રાજયભરમાં ખળભળાટ મચાવનાર બિટકોઈનના ચકચારભર્યા કેસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર એવા અમરેલીના પીઆઈ અનંત પટેલની જામીનઅરજી એડિશનલ સેશન્સ જજ પી.જે.તમાકુવાલાએ આજે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. સેશન્સ કોર્ટે આરોપી પીઆઈ અનંત પટેલને જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે, આરોપીના ગુનાની ગંભીરતા અને કેસના પુરાવા જોતાં અરજદારની આ કેસમાં પ્રથમદર્શનીય સંડોવણી પ્રસ્થાપિત થાય છે. વળી, હજુ કેસની તપાસ ચાલી રહી છે અને નાજુક તબક્કામાં છે. વળી, આરોપી વગદાર હોઈ કેસના પુરાવા અને સાક્ષીઓ સાથે ચેડા થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપી પોલીસ અધિકારીના જામીન નામંજૂર કરવા ન્યાયોચિત લેખાશે. ચકચારભર્યા બિટકોઈન કેસમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા અમરેલી પીઆઈ અનંત પટેલની જામીનઅરજીનો સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે સખત વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આરોપી પીઆઈ અનંત પટેલે આ કેસમાં અન્ય સહઆરોપી એસપી જગદીશ પટેલ સાથે મળી સમગ્ર ગુનાહિત કાવતરાને અંજામ આપ્યો છે અને તેથી તેની ખૂટતી કડીઓ અને મહત્વના પુરાવાઓ તેના રિમાન્ડ દરમ્યાન અને ત્યારપછીની તપાસમાં મળી આવ્યા છે. જે પરથી આરોપી પોલીસ અધિકારીની પ્રસ્તુત કેસમાં પ્રથમદર્શનીય સંડોવણી અને તેની વિરૂધ્ધનો ગુનો પ્રસ્થાપિત થાય છે. આરોપી પોતે એક ઉચ્ચ પોલીસ અધિકારી અને જાહેર સેવક હોવાછતાં અંગત સ્વાર્થ અને પૈસાની લાલચમાં હોદ્દા અને પદનો દૂરપયોગ કરી ગંભીર પ્રકારનું ગુનાહિત કૃત્ય આચર્યું છે અને આ કાવતરામાં અન્ય આરોપીઓને પણ મદદગારી કરી છે. આરોપી દ્વારા આ સમગ્ર ગુનામાં ઉપયોગમાં લીધેલા સીમકાર્ડ, વાહનો અને સંડોવાયેલા વ્યકિતઓ વિશે ઘણી પુરાવાબધ્ધ જાણકારી તપાસમાં સ્પષ્ટ થઈ છે. આરોપીએ ફરિયાદીનું અપહરણ કરી મગોડી કેશવફાર્મ ખાતે લઈ જઈ ૧૭૬ બિટકોઈન પડાવી લીધા હતા.

બિટકોઈન કેસની તપાસ હજુ ચાલુ છે અને આ કેસમાં હજુ અન્ય આરોપીઓ નાસતા ફરતા હોઈ તેને પકડવાના છે. આરોપી પોતે ઉચ્ચ પોલીસ અધિકારી છે અને વગદાર છે. જો તેને જામીન અપાય તો કેસની તપાસ અને સાક્ષીઓ તેમ જ પુરાવા સાથે ચેડા થવાની પણ શકયતા નકારી શકાય તેમ નથી. આ સંજોગોમાં કોર્ટે ન્યાયિક હિતમાં આરોપી અનંત પટેલની જામીન અરજી ધરાર ફગાવી દેવી જોઈએ. મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટ તરફથી કરાયેલી દલીલો ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટે આરોપી પીઆઈ અનંત પટેલની જામીન અરજી ફગાવી દીધી હતી.

**જાહેરાત**

**ન્યુ ઈન્ડિયા ક્રોપ સાયન્સ કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલા પાણીમાં સંપૂર્ણ પણે વિદ્રાવ્ય મિશ્રખાતરના (100% Water soluble mixture of fertilizer) આયાત અને ઉત્પાદન કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ. એનઃપીઃકે-૧૯:૧૯:૧૯, એનઃપીઃકે-૨૦:૨૦:૨૦, એનઃપીઃકે-૧૩:૪૦:૧૩ ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા The fertilizer (Control) Order 1985 મુજબ Notification No. S.O. 4120 (E) Dt. 30-12-2017 મુજબ રહેશે.**

ન્યુ ઈન્ડિયા ક્રોપ સાયન્સ : ૧૨, સી-૧૨૦૯, સિદ્ધી વિનાયક ટાવર, ઓફ એસ.જી. હાઈવે, મકરબા, અમદાવાદ-૩૮૦ ૦૫૧. ગુજરાત.

**શેર સર્ટી. ખોવાયેલ છે**

પટણી અમૃતભાઈ ચમનભાઈ ૯૪/૧૩, પટણીનગર સોસાયટી, અસારવા, ચમનપુરા, અમદાવદાના નીચે મુજબની વિગતના શેર ખોવાયેલ છે. જે કોઈને મળે તો

**ઉપરોક્ત સરનામે કે મો. ૭૯૮૪૦૩૭૦૦૭ ઉપર જાણ કરવા વિનંતી.**

(1) **M/s. Piramal Enterprises Ltd.**, Vide Folio No. A-005433, Certificate No. 15389 comprising 50 shares, Certificate No. 33298, comprising 50 shares, Certificate No. 72292, comprising 30 shares, Certificate no. 95064, comprising 15 shares
(2) M/s. Piramal Pathocare Ltd. under folio No. A000138 consisting of 72 shares
(3) M/s. Indian Toners and Developers Ltd. Under Folio 39520 consisting of 100 shares, and
(4) M/s. Arvind Mills Ltd. consisting of 50 shares.